# 20. ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:**

**(1) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં કલ્યાણ અને વિકાસ માટેની બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.**

- અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ અને વિકાસ માટે બંધારણમાં નીચે પ્રમાણે સામાન્ય જોગવાઈઓ કરવામાં આવી છે:
- **બંધારણના આર્ટિકલ 15 પ્રમાણે :**
- કેવળ ધર્મ, જાતિ, જ્ઞાતિ, જન્મસ્થાન કે તેમાંની કોઈ પણ બાબતોને કારણે ભેદભાવ કરવા પર પ્રતિબંધ મૂકે છે.
- નીચની બાબતો અંગે કોઈ પણ નાગરિક પર કોઈ પણ પ્રકારની ગેરલાયકાત, જવાબદારી, નિયંત્રણ અથવા શરતો લાદી શકાશે નહિ:
  - → દુકાનો, જાહેર રેસ્ટોરાં, હોટલો અને જાહેર મનોરંજનનાં સ્થળોમાં પ્રવેશ મેળવવા અંગે અથવા
  - → કૂવા, તળાવ, સ્નાન માટેના ઘાટ, રસ્તાઓ, સર્વાંગ અથવા અશંતઃ રાજ્ય તરફથી નિભાવાતા અથવા જાહેર જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલાં સ્થાનોનાં ઉપયોગ અંગે
- **બંધારણના અર્ટિકલ 29 પ્રમાણે :**
  - → ભારતના પ્રદેશમાં અથવા તેના કોઈ પણ ભાગમાં રહેતા નાગરિકો જો કોઈ વિશિષ્ટ ભાષા, લિપિ કે પોતાની કહી શકાય તેવી સંસ્કૃતિ ધરાવતા હશે તો તેને સાચવવાનો એમને અધિકાર રહેશે.
  - → કેવળ, ધર્મ, જ્ઞાતિ, ભાષા કે તેમાનાં કોઈ પણના આધારે રાજ્ય તરફથી નિભાવાતી અથવા નાણાકીય સહાયથી ચાલતી શિક્ષણની કોઈ પણ સંસ્થામાં કોઈ પણ નાગરિકને પ્રવેશ મેળવતાં અટકાવી શકાય નહિ.

**(2) આતંકવાદની સામાજિક અસરો જણાવો.**

- આતંકવાદની સામાજિક અસરો નીચે મુજબ છે:
- આતંકવાદ સમાજને વિઘટન તરફ દોરી જાય છે.
- આતંકવાદીઓ ભય, લૂંટફાટ, હિંસા, જેવી પ્રવૃત્તિઓ કરી લોકોમાં સંદેશ, ભય ઉત્પન્ન કરે છે. નાનાં બાળકોથી લઈ વૃદ્ધો પર આ ભયની અસર થાય છે.
- આતંકવાદ પીડિત પ્રદેશમાં વિદ્યાર્થીઓના શિક્ષણને પ્રતિકૂળ અસર પહોંચે છે.
- આતંકવાદના પરિણામે સમાજના લોકોનો એકબીજા પરનો વિશ્વાસ ઘટતો જાય છે. પરસ્પર ભાઈચારાની ભાવના ઓછી થતી જાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઘણી વાર સાંપ્રદાયિક ઝઘડાઓ ઊભા થાય છે અને તેના પરિણામે સમાજવ્યવસ્થા છિન્નભિન્ન બને છે. સમાજમાં અવ્યવસ્થા અને અશાંતિ ઉત્પન્ન થાય છે.
- આતંકવાદ પ્રભાવી ક્ષેત્રમાં લોકો સામાજિક ઉત્સવો ઉત્સાહથી ઉજવણી ઊજવી શકતા નથી.
- આને પરિણામે લોકોને જોડતા આંતરવ્યવહારો ખોરવાય છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો જણાવો.

- સાંપ્રદાયિકતાને દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે:
- સૌપ્રથમ નાગરિકોએ અને સરકારે સાંપ્રદાયિક તત્વોનો સખતાઈપૂર્વક સામનો કરવો પડશે અને તેને દૂર કરવા પ્રયત્નો કરવા પડશે.
- સાંપ્રદાયિકતા દૂર કરવાનું અસરકારક કાર્ય શિક્ષણ કરી શકે છે. આપણા શિક્ષણમાં અને અભ્યાસક્રમોમાં બધા ધર્મોની સારી બાબતોને સામેલ કરવામાં આવે છે. શાળાઓમાં યોજાતી સર્વધર્મ પ્રાર્થનાઓ, સામજિક પર્વોની ઉજવણી વગેરે જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં તમામ ધર્મ પ્રત્યે આદરભાવ કેળવી શકાય છે.
- સાંપ્રદાયિક વિચાર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી જોઈએ નહિ. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા બનાવીને તેનો અમલ કરવો અને કરાવવો જોઈએ.
- રેડિયો, ટી.વી., સિનેમા એ સામાન્ય નાગરિક સુધી પહોંચવાના શ્રેષ્ઠ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો છે. આ માધ્યમો દ્વારા સર્વધર્મ-સમભાવ અને સહિષ્ણુતાનો પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રીય હિતો અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.
- ધાર્મિક વડાઓ અને રાજકીય નેતાઓએ સાથે મળી દેશના વિકાસ માટે સાંપ્રદાયિકતાને નાથવા પ્રયત્ન કરવો જોઈએ.
- સાંપ્રદાયિકતા દૂર થાય તે માટે યુવાનોએ આગળ આવવું જોઈએ. યુવાનોમાં સાંપ્રદાયિકતાના સ્થાને બિનસાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા પ્રયત્નો શૈક્ષણિક ક્ષેત્રે થવા જોઈએ.
- આ માટે સરકારે જ નહિ, પરંતુ સમાજે પણ વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.
- ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષાથી ઉપર રાષ્ટ્રહિત અને રાષ્ટ્રગૌરવ છે તેવી સમજ લોકોને એક તાંતણે બાંધે છે અને રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાને પોષે છે.

### (2) લઘુમતીઓનાં કલ્યાણ અને વિકાસ માટે બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.

- ભારતમાં લઘુમતીઓને બહુમતિઓની જેમ જ અધિકારો સમાન ધોરણે મળ્યા છે.
- લઘુમતીઓની સંસ્કૃતિ, ધર્મ, લિપિ તથા ભાષાઓનાં સંરક્ષણ અને પ્રોત્સાહન માટે બંધારણમાં નીચે પ્રમાણે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે:
- લઘુમતીઓના હિતો અને તેમના કલ્યાણ અને વિકાસ માટે 'રાષ્ટ્રીય લઘુમતી પંચ'ની રચના કરવામાં આવી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર લઘુમતીઓને વિશ્વાસ અપાવે છે કે તે પોતાના ધર્મના પ્રચાર, પ્રસાર અને પ્રોત્સાહન માટે પ્રયત્નો કરી શકે છે.
- કાયદો બળપૂર્વક કરેલા ધર્માંતરને માન્ય રાખતો નથી. સરકારી સહાય લેતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકતું નથી.
- તમામ ધાર્મિક સમુદાયો પોતાના ધર્મના વ્યવસ્થાપન અને ધાર્મિક કાર્યો માટે સંપત્તિ મેળવવાનો અને તેની દેખભાળ કરવાનો અધિકાર ધરાવે છે.
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક દ્વારા મળેલા લઘુમતીઓ પોતની લિપિ અને સંસ્કૃતિઓનું રક્ષણ કરી શકે છે.
- સરકારી સહાય મેળવતી કોઈ પણ સંસ્થામાં ધર્મ, વંશ, જાતિ, વર્ણ કે ભાષાના આધારે કોઈ પણને પ્રવેશ મેળવાતાં અટકાવી શકાશે નહિ.
- સમાજના તમામ વર્ગોને પોતાની પસંદગી પ્રમાણે ભાષા, લિપિ જાળવવાનો, વિકાસ કરવાનો અને તે માટે શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર છે.
- ભારતીય લઘુમતી બાળકોને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળે તેવી સુવિધા રાજ્ય સરકાર આપે છે.

### (3) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

- આતંકવાદની મુખ્ય આર્થિક અસરો નીચે મુજબ છે:
- આતંકવાદના પરિણામે વેપાર-ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ પામતું નથી. જે તે પ્રદેશનો વેપાર-ઉદ્યોગનો વિકાસ અટકી જાય છે.
- વેપાર-ઉદ્યોગને માઠી અસર થતાં લોકોને અન્ય પ્રદેશોમાં વેપાર-રોજગાર કરવા સ્થળાંતર કરવું પડે છે.
- કેટલાંક આતંકવાદી સંગઠનો મૂડીપતિઓ, ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, વેપારીઓ પાસેથી ભય બતાવી નાણાં પડાવે છે.
- આતંકવાદીઓ માદક દ્રવ્યોની હેરાફેરી અને કાળા નાણાં જેવા અસામાજિક કાર્યો કરે છે. તેથી દેશમાં સામાજિક-આર્થિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.
- આતંકવાદીઓ રેલવે, રેડિયો સ્ટેશનો, રસ્તા, પુલ, સરકારી મિલકતો વગેરેને નુકશાન પહોંચાડે છે. તેથી આ મિલકતોનાં પુનઃનિર્માણ માટે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે.
- સરકારને સલામતી અને સુરક્ષા માટે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. તેથી સમાજ-ઉપયોગી વિકાસ કર્યો ઓછા પ્રમાણમાં થાય છે.
- આતંકવાદના પરિણામે રાજ્યના અને રાષ્ટ્રના પરિવહન ઉદ્યોગ અને પર્યટન ઉદ્યોગને આર્થિક નુકસાન થાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો:**

**(1) આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સમજાવો.**

- આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો મુખ્ય તફાવત નીચે મુજબ છે:

| ક્રમ | આંતકવાદ | બળવાખોરી |
|---|---|---|
| 1 | તે એક વૈશ્વિક સમસ્યા છે. | જે-તે રાષ્ટ્રની સમસ્યા છે. |
| 2 | તે આંતરરાષ્ટ્રીય વિસ્તાર ધરાવે છે. તે પોતાના અથવા અન્ય દેશની વિરૂદ્ધ હોય છે. | તે પોતાની સરકાર વિરૂદ્ધ એક પ્રાદેશિક સ્તરે વિસ્તરેલી હોય છે. |
| 3 | અનેક દેશો આતંકવાદથી પીડાય છે. | જે-તે રાષ્ટ્રનાં કેટલાંક રાજ્યો બળવાખોરીથી પીડાય છે. |
| 4 | તે ધર્મ કે સંપ્રદાય પ્રેરીત છે. | તે જાતિ પ્રેરિત છે. |
| 5 | આતંકવાદથી પ્રભાવિત રાષ્ટ્રોનો વિકાસ અટકી જાય છે. | બળવાખોરીથી પ્રભાવિત રાજ્યો કે પ્રદેશોનો વિકાસ અટકી જાય છે. |
| 6 | તે સાંપ્રદાયિક હિંસા કે ધૃણા ફેલાવીને સમાજને વિભાજિત કરે છે. | બળવાખોર સંગઠનો લોકોને ડરાવી, ધમકાવી અને હત્યાનો આશરો લઈ ભયનું વાતાવરણ ઊભું કરે છે. |
| 7 | આતંકવાદને સ્થાનિક પ્રજાનો સહકાર મળે કે ન મળે. | બળવાખોરી સ્થાનિક પ્રજાના સહકારથી ચાલે છે. |

**(2) નક્સલવાદી આંદોલન વિશે નોંધ લખો.**

- માઓ-ત્સે-તુંગના નેતૃત્વ નીચે ચીનની ક્રાંતિમાંથી પ્રેરણા લઈ ભારતમાં નક્સલવાદી આંદોલનનો ઉદ્ભવ થયો છે.
- ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1967માં પશ્ચિમ બંગાળમાં શરૂ થયું હતું.
- આ ઉગ્રવાદી વિચારધારા પશ્ચિમ બંગાળના નક્સલબારી વિસ્તારમાંથી ઉદ્ભવી હોવાથી તેને નક્સલવાદ કહે છે.
- પશ્ચિમ બંગાળથી શરૂ થયેલાં આ આંદોલન ઝારખંડ, બિહાર, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કેરલ, ઓડિશા, ત્રિપુરા, મધ્ય પ્રદેશમાં પહાડી અને જંગલ વિસ્તારમાં વ્યાપ પામ્યું છે.
- નક્સલવાદી આંદોલનમાં નીચેના બે મુખ્ય સંગઠનો છે:

  1. પિપલ્સ વૉર ગૃપ
  2. માઓવાદી-સામ્યવાદી કેન્દ્ર

**પ્રશ્ન 4: દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:**

**(1) ભારતની સામાજિક સંરચના કઈ બાબત પર આધારિત છે?**

(A) સાંપ્રદાયિકતા

(B) જ્ઞાતિવાદ

(C) ભાષાવાદ

(D) જૂથવાદ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(2) અનુસૂચિત જાતિ નક્કી કરવા માટે કઈ બાબતને આધાર ગણવામાં આવે છે?**

(A) અસ્પૃશ્યતા

(B) ધર્મ

(C) સંપ્રદાય

(D) આમાંનું એક પણ નહિ

**(3) બંધારણના કયા આર્ટિકલ પ્રમાણે અસ્પૃષ્યતા નાબૂદ કરવામાં આવી છે?**

(A) આર્ટિકલ 25

(B) આર્ટિકલ 29

(C) આર્ટિકલ 17

(D) આર્ટિકલ 46

**(4) નીચેનામાંથી કઈ સમસ્યા વૈશ્વિક છે?**

(A) જ્ઞાતિવાદ

(B) સાંપ્રદાયિકતા

(C) ભાષાવાદ

(D) આતંકવાદ

**(5) જોડકાં જોડી સાચો વિકલ્પ પસંદ કરો.**

| રાજ્ય | બળવાખોરી સંગઠન |
|---|---|
| (1) ત્રિપુરા | (A) ઉલ્ફા |
| (2) મણીપુર | (B) એન. એસ. સી. એન |
| (3) નાગાલેન્ડ | (C) એ. ટી. ટી. એફ. |
| (4) આસામ | (D) કે. એન. એફ. |

(A) 1–A, 2–D, 3–C, 4–B

(B) 1–C, 2–D, 3–A, 4–B

(C) 1–C, 2–D, 3–B, 4–A

(D) 1–C, 2–B, 3–D, 4–A

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in